રાજબાઈ ટાવરવાળી મોહતમનાં ગાયણો



(પાકદામનને ખાતર જે નેકજાદ પાકજાદ પતિવ્રતા પારસી પતિનીઓએ તા૰ ૨૫મી એપ્રીલ ૧૮૯૧ અને શનીવારની શિક્ષા સાંજે આપેલા પોતાના પ્રીય અનમોલ પ્રાણની ગમખાર પણ યાદગાર યાદમાં)

ખાસ રચનાર,

દા૰ એ૰ તારાપોરવાલા.

"માસિક મજાહ"નાં અધિપતિ "પતિવ્રતા બાયડી" "મોટે ઘેરનાં મેહેરબાઇ" "કીર્તિ સંગ્રહ" "રાગબ તાહરૂં ખાનું ખરાબ" "દાદી દોહરા સંગ્રહ" અને "પાકદામન પીરોજા" ઈત્યાદિના કર્તા.

પ્રગટ કરનાર,

એમ. જે. પોષ્ટવાલા.

(નાણાવટ—સુરત.)

ખુબસુરતી છે ઓરતનો જાહેર સણગાર,
પણ દામન તો "દિલજાન"નું બખ્તર છે યારા

એમ. જે. પોષ્ટવાલાના સુરત "ખોદાબક્ષ" પ

ઈ. સ. ૧

અર્પણ

“દિલજાન”ને દામાન પર,
સદકે કરી જે નાર;
ગઈઓ જમાવી કીર્તને,
અર્પું આ અહના હાર.

રાજબાઈટાવરવાળી મોહતમના ગાયણો.

(દોહરો.)

કોમ રહે છે કુળ કળી, આફત વરશી આજ:
તેજ કલમ તું થા હવે, ચિત્ર કરવા કાજ.

(૧)

પાક દામાનની એજમતી અસર

ગઝલ—"કહેતીથી લયલીઓ પરદેનશીન"—(ચાલ.)

દામનની એવીછે એજમેત-અસર, તે દોલતને મોહબતને નજરમાં નથી.
દામનથી નારીઓ થઈ છે અમર, અમરતા એવી ત્યાં નજરમાં નથી;

દામનથી દ્રોપદીનું વખાણાયું નામ, દામનથી સીતનો રહ્યો દમામ.
દમયંતી જાહિર થઈ જગમાં તમામ, નામો એ કોઈની નજરમાંનથી;

તેજ ખરૂં સુગી ને સંતોષ પર. પાક તારી નારી હોય પૈસા વગર
જલજો તે દોલત ને હશમત ને જર, સતવંતિ નારી જે ઘરમાંનથી.

ભુલ્યો હું કયાંની મજ વતન ઈરાન, આદેકથીચઢતી ત્યાં મળશેનિશાન
જીવથીઆ જયાદા જે ગણતી દામાન, નારીઓ તેવી નગરમાં નથી.

દેવોથી દામન બચાવી હરરપ, રૂસ્તમની બેટી જે બાનું ગોશસ્પ.
બાહદુર, લડાયક ને કશનારી અસ્પ, શુ ફિરદુશિની તે નતરમાં નથી.

પારસીઓ વસ્યા આ હિંદ સરજમીન, ન વ્યાપી'તી લીલા હાં એવી-
કો' દિન.

પિરોજો-બચુબાઈએ કીધી રંગિન, શું આલા આ દાખલો—
જીગરમાં નથી ?

ઉમેદથી 'ટાવર'પર જોવા ગઈ. ભોગ તમનાં કિસ્મતની હાયરે થઈ
ન મરતાંબી સખુન એક ગયા રે કહી, શું સંકટ એ ચઢતી અસરમાં
નથી.

બાનુઓથી કોઈબી તમ આવી આખર, પણ દામન તે રાખશે—
તમ નામને અમર;

સાર્થકજ કીધું આ જીવ્યું જીગર, વધતુ આ જીંદગી સફરમાં નથી

પણ લોક જીવથી હાં તમે બરબાદ, પણ આપશે

દુરી દાવની ને આવતી ઓલાદ,

દામન છે નારીની મોહબત મોહર, દામનજ છે તેનો પેહેલો શોહર।
દામન છે નારીનું ધનને ગોહર, ગોહર જે કાહરૂનનાં દરમાં નથી.

મોટાં અનીતિમાં કદી ફશેછ, પણ ગરીબો નીતિમાં એવા વશેછ;
માતબરો ગરિબને જોકે હશેછ, તોએ તે દુઃખમાં કે ડરમાં નથા.

ઓરત છે તેજ, ને બસ તેજ છે નારી, દામન નિજ જેણે ત્યાં—
જાણી પ્યારી;
"દિલજાન"ની થાય કાં' ન ભલે ખ્વારી, નાર ભલી એની ફિ-
કરમાં નઠ

(૨)

સતી બચુબાઇ અને સતી પીરોજબાઈ.

પિલુ—ગરબી.

("વાણિયા બાઇ બાઇ કરે"—રાહ)

કેમ ખમિયે જખમ-કેમ ખમિયે જખમ;
સતત રે કીધો હાએ જમડા જુલમો—ટેક.

બચુબાઇ શુભ દાખલો ત્યાં ધરી,
જાન સદકે કરી-જાન સદકે કરી;
સ્ત્રિ-લજ્જા થકી ધન્ય ગઇ છે મરી—કેમ ખ૦ (૧)

હતાં પાક પ્રાયા પિરોજા તમો,
એજ ચાહશું અમો-એજ ચાહશું અમો:
સરસ સ્વર્ગમાં બ્હેન બંન્ને રમો—કેમ ખ૦ (૨)

ન સુખથી દિઠી છાંઇ સંસારની,
પ્રીત કે પ્યારની-પ્રીત કે પ્યારની;
ઠરી સત્ય "દિલજાન" ભરથારની—કેમ ખ૦ (૩)

(૩)

ગોદરેજ કુટુંબપર ગુજરેલો ગજબ.

કલ્યાણ—ગજલ.

("જલ્દ બેદાર હો અએ હબશીએ નાકાંમ કહીં"—રાહ.)

[illegible] હસ્તાં કુટુંબે આજ જારી આ થઈ!
નાર પ્યારી, સખ્ત ખ્વારી આ થઇ! શી રજુ. ૧
[illegible] કેરો રે મિનારો દેખવા;
[illegible] બિચારી આ થઈ! શી રજુ

બાગનાં ખુલખુલ ઉઘરતાં, ગુલ કળી આશા ભરી;
કમનશીબી હાલતે રે શી તમારી આ થઇ ! શી રંજુ. ૩
ભાગ્યહિણુ ભરથારે તમનાં પર સિતમ છે આજ શે!
રે કલેજે માતને તમ ઘાવ કારી આ થઇ ! શી રંજુ ૪
જાનથી જાદા તમારી દામનોને બસ ગણી;
શોકથી સૌ લોક બોલે 'સત્ય નારી આ થઇ !' શી રંજુ. ૫
પાક પત્નિ, નેક વત્નિ, સત્ય સતની રે હતી;
પાક હશમત નાર એ જો ફુલ-ગુજારી આ થઈ ! શી રંજુ. ૬
કોમ કેરૂં જોમ એવું બાઈપર બલહાર છે;
એજ શોભા. આબરૂ, ફતેહ ભારી આ થઈ ! શી રંજુ. ૭
ગમ હશે "દિલજાન"ને-ના-કમ જુઓ ભરથારને,
'કેમ હાલત? આજ મારી નારે હારી આ થઈ !' શી રંજુ. ૮

(૪)

કલ્યાણ-(દોહરા)

("દાઝ ધરી દિલ રંકની, લાવી હૈડે પ્યાર"—રાહ.)

દામન પાક બચાવવાં, સદકે કીધો જાન:
બચું બાઇ આ જાતનું, તેં સત રાખ્યું માન ૧.
સુંદરી ઉમ્મર સોળની, હતી પિરોજા પાક;
ખુબી વધારી ખલકમાં, ઉમેદ થઇ કુલ ખાક. ૨.
મુંબઇમાં મા'તમ પડી, શું શે'રે શું ગામ;
પ્રખ્યાતી પામ્યાં ભલી, પાક તમારાં નામ. ૩.
શોક કરે સૌ લોક ત્યાં, માનજ આપે મ્હાન;
સતી સિતા થઇ સાધ્વી, સદકે દઈ "દિલજાન"। ૪.

(૫)

જીલ્લા—ભૈરવ—ઠુંમરી.

("હાયરે નસીબે શું દગો દીધો"—રાહ)

ધન્ય નાર પ્યાર વફાદાર તું ખરી—ટેક.
લાજ કાજ આજ પરમ દાજરે ધરી;
સતી અતી હતી ગઇ દિલજાનથી મરી-ધન્ય નાર૦

(દોહરો)

કોમ વખાણે પારકી, ગુણ
બચુંબાઈ બલહાર છે, વળ

(૬)

"રે ક્યાં ગઇ ચાલી ?"

ભૈરવી—મુસ્તેજાદ.

["રૂખસત તુજે હોનાથા તો કયું મુઝશે કીયા પ્યાર, અય યાર સીતમગાર"—અથવા "આ ફિક બુરા તેં મહને કાં આંધળી કીધી, શુધ માહરી લીધી"—રાહ]

ઓ અજબ ગજબ આજ થયો બ્હેન એ વાહલી, રે ક્યાં ગઈ ચાલી,
અફસોસ! આ આફત શી પડી કામપર કાલી, રે ક્યાં ગઇ ચાલી. ૧
ખિલતી ખરી એ ગુલ કળી ઉમેદની ભરી, કમોતથી મરી;
ધન્સાફ કરો દરિયાફ્ત કરો ઓ દાદગર વાલી, રે ક્યાં ગઇ ચાલી ૨
અશરાફ, નેકને ભલી તમો હતી નારો, અફસોસ ! શો ચારો ?
નાપાક નિચ નજરથી કાંઇ ત્યાં ગયા ભાલી, રે ક્યાં ગઈ ચાલી. ૩
ફિટકાર ! રે ફિટકાર ! તે મુંજી ઉપર પડો, દોજખ મહીં સડો;
ધન્ય નાર પાકદામન ત્યાં તમે પાલી, રે ક્યાં ગઇ ચાલી. ૪
નિજ લાજ કાજ આજ તમે દાઝને ધરી, ન સત્યથી ફરી;
મા-બાપ, ભાઈ, બ્હેન કે ભરથારને બાળી, રે ક્યાં ગઈ ચાલી. ૫
સંસારના સુખો તમે ન કાંઇ રે દિઠાં, તેનાં ફળો મિઠાં;
કરમાવિ તમે હાય ! કેમ મૂખની લાલી, રે ક્યાં ગઇ ચાલી. ૬
શું જાત કે પ્રજાતની ગ્રહી તમે દયા, શા હાલ રે થયા,
પલકવાર માંથ થયો ખ્યાલ શું ખ્યાલી, રે ક્યાં ગઈ ચાલી. ૭
ભ્રષ્ટ આશ થઈ ખરે ભથારની હવે, પ્રીયા ભલે જવે;
કરમાંય કાં'ન ગુલ, ન હોય બાગબાં-માલી, રે ક્યાં ગઈ ચાલી. ૮
ભલે ન લેત જગતમાં તમે અહીં જનમ, ન થાત આ સિતંમ,
ઉમેદનાં દરખતની નહિં તુંટતે ડહાલી, રે ક્યાં ગઈ ચાલી. ૯
જગ-બાપ ! હવે પાપ તણો ભેદ ખોલ તું, ખુંનીને બોળ તું;
અન્મોળ ગયા જાન એ નિરદોષને ખાલી, રે ક્યાં ગઇ ચાલી. ૧૦,
શું જાત કે પ્રજાત જો એ જોઇ કમકમે, એશિયો કયમ ખમે?
આ ગમ ન કેમ નાખશે "દિલજાનને"ને ગાળી, રે ક્યાં ગઇ ચાલી ?

(૭)

સતીઓની સત્કિર્તિ—(A)

નૂર સારંગ-ગરબી-તાલ ધીમો ત્રીતાલો.

(...ની. જોવાને જઈએ રે મહિમાં આજનો"—રાહ)

...રબી હાં ગાઇયે આ બે નારની;
...દિ તું સાચા સત ભરથારની. ટેક

ધન ધનરે શીયળ વ્રત નારી,
કરિ દામન જીવ કરતાં પ્યારી,
પણ આફત! કે ગઇ ત્યાં હારી.—સજ થા૦ ૧

સત પાછળ ધન ધન થાઈ સતી,
વિશ્વે તમની વખણાઈ મતી;
સત પ્રીયા દામન પાક હતી. સજ થા. ૨

આ આફત કેવી દુ:ખ દાયક?
છે પાપીઓ ક્યાં તે પામક ?
નહિં મરવું એમ હતું લાયક—સજ થા ૩.

બાળા બે ખિલતી જે બરમાં,
નહિં ચેન પડયું રે કંઇ ઘરમાં;
શું મરવાને ગઈ ટાવરમાં ?—સજ થા. ૪.

નિકળી બે નારો ઘર છોડી,
શું જાણે ત્યાં મોતે જોડી ?
કુલ અંતરની આશા તોડી.—સજ થા. ૫.

સ્ત્રી-લજ્જાનો બસ કયાસ કરી,
સત—નીતિનો આધાર ધરી;
નિજ દામન ડાઘ નહિં જ હરી—સજ થા. ૬.

ધન ધનરે! વાહવા! સત નારી!
ધન ધન રે! હિમ્મતને તારી!
સમજી જીવથી દામન પ્યારી!—સજ થા ૭

કુલ કોમ રડે તમ શોક સચી,
ગઈ અમર કીર્તિ આજ મચી;
"દિલજાન" સુકીર્તિ ગાય રચી—સજ થા. ૮

(૮)

(ફિપલીજ રાહ—(B)

ઓ ગજબ થયો! માહતમ વરસી કેવી, આ ગુલજારમાં;
ઓ અજબ થયો! નગરીમાં પોકારો, સૌ નર-નારમાં—ટેક

નહિં એવી જોઇ જુલમગારી,
પરિવારે એઠો ઘા કારી:
[illegible] કરે નર—નારી,—ઓ ગજબ! ૧

[illegible] બુઝને [illegible] અજુબાઇ
[illegible] [illegible] થાઇ.
[illegible] [illegible] વખણાઇ—ઓ ગજબ

જરૂ ખાક તેં પગલું લીધું,
સત-પ્રીતનું પ્યાલું પીધું.
કારનપ નિજ બળિદાન દીધું—ઓ ગજબ ! ૩

ધન પાક પિરોજા તું નારી,
થઈ કીર્તિ તારી પણ ભારી;
કકળે છે લોક કરી જારી—ઓ ગજબ ! ૪

ઓ કોમળ કમળા ! આશ ભરી,
ગઈ વણુ મોતે રે હાય મરી !
પણ અદકે દીપી આજ ખરી—ઓ ગજબ ! ૫

ઓ મુંજીઓ ! રીબી મરજો !
કરતુકનો ફેજ તમે ભરજો !
ધક દોજખમાં તમના સડજો !—ઓ ગજબ ! ૬

શું ગજબ થયો એવો એકે ?
જે કોમ તણે આખી ટેકે ?
હદ થઇ રે બસ એતો છેકે !—ઓ ગજબ ! ૭

“દિલજાન” રડે તમ યાદ કરી,
ગુલજારે રેહજો અમર હરી;
નવ મરતાં ભુલશું આહ જરી,—ઓ ગજબ ! ૮

(૯)

રાજાબાઇ ટાવરને અર્પણ.

(ઓરસ)

ઓ ઈશ્વર ! શી અવધી આજે, અકરો કેરજ કીધો;
મુંબઈમાં શી આફતમ વરશી? લ્હાવો શો આ લીધો? ૧

પટકી નિજનો પ્રાણ પછાડી, બાળા મુઈ બિચારી;
‘ટાવર’ ! લે તો ટેકજ લીધો, ભોગ થયા બે ભારી ! ૨

અઢારસેં એકાણું સાલે, એપ્રીલની પચ્ચીશ:
સાંજે આહડાળણની વચ્ચે, પડી પોકારો ચીશ, ૩

જબરા થયા જમાવ, જેમા ઉલટી લોક હજારો;
‘ટાવર’ નીચે ટોળું થઈને, કીધા કંઇક વિચારો, ૪

પતિ પતિવ્રત પારસી. જોવા મિરાચ જાહેર
ગમ હોંશે પણ આફત ! ફળી ન આખી બાહેર! ૫

રહા મુંજી ચાંડાળ નજરનો, ભોગ થઈ તે બાળી;
ચઢિ પતિ તું ઇનસાફ ખરાથી ભરો ખુની દે બોળી, ૬

કામ તણી કજળી સોઉ કાયા, કળતાં દુઃખની કાંહણી;
શું એશી કે દેશી સરવે, દુઃખી થયાં આ જાણી. ૭
પ્રજા તણો જોરશો બહુ જામ્યો, કોણ પરમ તે પાપી;
જેણે આ બે બાળાઓની જીંદગી નાંખી કાપી. ૮
ધન્ય વનીતા! વફાદાર રહિ નામ અમર બસ કીધું;
જગથી ગઇ, પણ જીંદગીમાં તમ નામ મહાત્મા લીધું ૯
ધન ધન મહિલા! દામન કાજે, જીવ કીધો વ્હાલો,
દુવા દિયે "દિલજાન" તમોને, મહા મંડળમાં મ્હાલો. ૧૦

(૧૦)

"સત્ય નારની હોરી રચાઇ."

હોરી કાફી—(તાલ દિપચંદી)

("સાવરો અજહૂ નહિં આયો"—રાહ)

સત્ય નારની હોરી રચાઇ, ધન્ય કીર્તિ તમારી ગવાઇ—ટેક

બાંધ્યો હતો શું ભોગજ લેવા, ટાવર રાજાબાઇ?
મો'ત ગયું લઇ ઘેરી તમોને, આફત શી દુઃખદાઇ,
મરજો મુંએ કશાઇ!—સત્ય નાર ૧

કાનરથી જેમ ગાંઠ કપાએ, કાયા ગઇજ કપાઇ;
અજબ અજબ બસ ગજબ થયો આ, હાય! દશા શી થાઇ,
જીવથી ગઈ બે જાઇ.—સત્ય નાર. ૨

લજજા ઉપર નિજ લજજા તણે ધન્ય, આપી તમે સરસાઇ;
શોક કરે સઉ લોક તમારો, માત-પિતા. બ્હેન, ભાઈ.
ગયાં ગક દુઃખે દબાઇ--સત્ય નાર. ૩

પાક બચાવવા દામન તમની, હાંમે કરી હરિફાઇ;
જન્મ તમારો ધન ધરણીપર, વિશ્વ મહી વખણાઇ,
છે એજ દુઃખની દવાઇ—સત્ય નાર ૪

સ્ત્રી-જાત કેરૂં માન વધાર્યું, જીવ પ્યારાથી જાઇ;
અસલ ઘરાંની નશલ બતાવી, મરતાં ન છોડી વફાઇ,
મુક્તે મુક્તિ સજાઇ—સત્ય નાર. ૫

નિરમળ નામ તમારૂં નિશ્ચળ, બેશે સઉમાં વડાઇ;
મા-બાપ, બ્હેનો અને ભાઇ-ભાંડુ, સંતોષ જોણી સવાઇ,
કરશે ગુણો થાઇ ગાઇ—સત્ય નાર. ૬

ધન ધન નાર બલીહજ કીધી, અવિંદની હકસાઇ;
પાક તમારી દામન કાજે, લાયક કીધી લડાઇ,
આપી જીવની ગુહાઇ—સત્ય ના૨

પાંચ મીનીટ પણ પ્રાણ હતે તો, ભેદ ન રેહતે છુપાઈ.
લુણ હરામ તણું ત્યાંજ આવત, પાપ અરે પકડાઈ,
થાત ન એવી તબાઈ—સત્ય નાર. ૮

દૂર થઇ આ દુનિયાં તજી પણ, જાશે ન યાદ ભુલાઈ;
"દિલજાન" દામાન પાક તમારી, કરશે સદા ગાહનંમાઈ.
એમા નથીરે નવાઇ—સત્ય નાર ૯

(૧૧)

પારસી કોમની દિલસોજી.

લલિત વૃત.

("અરર અંબિકા, માત માહરી-અથવા-
"સમજ રે સતી, શાંત શા ભલી"—રાહ)

અરર ઈશ ! આ. કે'ર શો થયો, પલકવારમાં, ઘાત શો વહ્યો;
'પરમ બાળકી, કેમ આ મરે,' સતત પારસી, શોકરે કરે. ૧
જગત નાથ હો વિશ્વના પતી! ગજબ આજ શો કોપિયા અતી;
ધરમ બાળનો, કોણ આ ધરે? સતત પારસી, શોક રે કરે. ૨
અરજ સાંભળો, આપ રે જરી. અબળ નાર એ, ખૂંનથી મરી;
ધિરજ માતડી, કેમ રે ધરે ? સતત પારસી, શોક રે કરે. ૩
દરદ દુ:ખથી, જીવ જાય છે, ખચિત બેશિઓ, બહુ મુઝાયછે.
કૃતિમ પાપિઓ છૂટથી ફરે, સતત પારસી. શોક રે કરે. ૪
દિવસ ધોહળે. ખૂંનરે થયાં, ગટર-પટરથી, ગર્ક રે ગયાં;
કથન કેટલું, આપિયે અરે, સતત પારસી શોકરે કરે. ૫
ગરિબ નારની દાઝરે ધરી, પરમ પાપને, કોણ દે ધરી ?
ખલક દેખશે, તૂજને ખરે, સતત પારસી શોક રે કરે. ૬
દિલ નવાજ તૂં, જિગર જાનથી, ભરમ ખોલજે, મૂળ-માનથી;
નયન નીરથી, બોલતાં ભરે, સતત પારસી શોક રે કરે. ૭

(૧૨)

મુંબઈમાં વરશેલી માહેતમ.

ભૈરવ-પદ.

("કલજુગ તારી રચના ન્યારી"—રાહ)

અજબ ગજબ આ થાયો, આજે, ભેદ, બંધોછે ભારીરે—ટેક

'ટાવર' તેતો ટેકજ લીધો. બાળા ખૂદ બિચારીરે;
માહતમ વરશી મુંબઈમાંકુળ, ગજબ, સિતમ ગમખારીરે—અ૦ ૧

અઢારસેં એકાણું સાલે, પચ્ચિશ એપરેલ કારીરે;
મ્હા મૂંજી ચંડાળ નજરથી, નિર્દોષો બે મારીરે-અજબ ૨

ભોગ થઇ તે ભોળી નારો, નિર્મળ નીતિ ન્યારીરે.
કોમળ કુળવંતી કમળાની, આશ મલી ધુલ સારીરે--અજબ ૩

ત્રાહ--ત્રાહ સૌ લોક કરેછે, શું નર કે શું નારીરે;
એ બદકાર સડો દોજખમાં, થઈ જેથી આ ખ્વારીરે-અજબ ૪

હતી તાસપર ઘરમાં જેના આપ તણી સરદારીરે;
રડુ થાં "દિલજાન" હવે ત્યાં, વધન, રદન નેજારીરે-અ૦ ૫

(૧૩)

દુઃખી થયલી લોક—લાગણી.

પિલુ પદ-તાલ દાદરો.

("કાંહે રૂસે બાલમાં મોરા"—રાહ)

હાયાં સિતમ શું જ થયો—હાય ! સિતમ શું જ થયો—
એ પરવરદિગાર ! થયાં શોક ગિરફતાર !—ટેક.

ખેદ તણો ભેદ હવે યા ખુદા જિંગ્રાડ તું;
શિષ્ય થાપ કેમ થયા ભોગ આ શિકાર ?—હાયાં સિતમ. ૧

આપ બાપ પાપ તણો શ્રાપ જલ્દ તું હવે,
કાપ તે "દિલજાન" બુરા ખરા ગુનેહગાર—હાયાં સિતમ. ૨

(દોહરો.)

મુંબઈ કે મુફ્શીલમાં, શું શે'રે શું ગામ;
યાદ કરે "દિલજાન"થી, નિર્મળ તમનાં નામ.

(૧૪)

પાકદામન પત્નિઓની દિલોજાન યાદમાં

(બેત બાજી)

A.

એ રાજાબાઈ ટાવરનાં બુલંદ મિનાર !
કેમ તાહરા ગજબનો આપું ચિતાર !
કેમ ખોલું દુઃખનો તે આખો સાર !
એ આફત ! તું પામ્યો શું તેમાં નાર !

નાહક તે નામ તાહરૂં કીધું બદનામ,
બદલી ગઈ મ્હેર બની કહેરમાં તમામ !

[illegible] દિવસ બુનબાર.
[illegible] કોમમાં યાદગાર !

B— યાદ તેની રેહશે ત્યાં દામનને કાજ—
થઈ બલી નાર એ જે જીવથી તારાજ;
યાદ તેનાં અમર ત્યાં નામની રેહશે,
યાદ તેમની હિંમ્મત ને કામની રેહશે.
યાદ રેહશે તેમનાં ત્યાં રૂહોની પાક,
થયાં જે જાલવતાં દામનને ખાક.
ઓરત જો થજો તો એવી થજો,
બચુબાઇ—પિરોજાને જેવી થજો !

C.— પડયું ન સુજ કશું ઘરમાં રે બ્હેન !
અખઈપીને ગયાં ટાવરમાં રે બ્હેન !
ન ઘરથી તમ નિકલ્યાં ફરવા રે બ્હેન !
પણ ખરેખર નિકલ્યાં મરવા રે બ્હેન !
કયાંમતને દિન હવે મલશે મુજ બ્હેન !
બચુંબાઈ! ઊમેદ હતી શીશી તુંજ બ્હેન!
પિરોજા! રે તમને શું પડયું સુજ બ્હેન!
મધુર લાગું સેજ અરે મરણનુંજ બ્હેન !

D.— ગુલશનમાં ખિલતું એક ગોલાબ કરમાય,
થઈ તેવા દશા તમ બ્હેનોની હાય !
હસતા ને રમતાં રે ઘરથી ગયાં,
જીંદગીના જશાથી—જીગરથી ગયાં !
મધુર તમનો મુખડો ન દીઠો ફરી,
અકોમળ, કુંમારી, ઊમેદની ભરી !
ન ભોગવ્યું સુખ ભલા ભરથારનું
ન પામી પિવા પ્યાલું પ્રીત--પ્યારનું.

E.— પરણેલી જીંદગી તો નાંમની હતી,
અંતરમાં આશા તમામની હતી;
જમડા તે જાલેમે કીધો રે કહેર,
આસ્માની આફતથી વરસાવ્યું વેર:
સહે કેમ માંદર આ તમ કેરો ગમ !
કેમ કરે સહન તમ પેદર જખમ !
ખાવંદને કયાંથી મલે દુ:ખ—મલંમ !
ભલું, જો ન લેતે આ જગમાં જનમ !

F— પણ જનમને કીધા બસ ખરો અમર,
આફ્રિન હો રૂહ તમનાં બાપની ઉપર !

જીવ કરતાં દામનને ગણી જાદા,
સચ્ચાઈનાં દાખલાઓ આપ્યા સાદા;

પણ ભિત્તરમાં ઉતરતાં વાહરે નારી,
અદા કીધી વફાઈની ફરજ તારી !

અદા કીધાં નારીનાં એકીન ને કોલ,
પાક તમની દામનને ગણી અનમોલ !

G.— જીન્નતમાં વાસો તમ કરજો તમે !
ગુલજારનાં ગુલશનમાં ફરજો તમે !
નાંખજો તે બાગપરથી નીચે નજર,
ને રાખજો તમ વફાઇપર ખારી સબર !

જોબી તે સાહેબનો એવો છે કર—
નહિં કરશે પાપપર તે પડદો મગર—
ખલકમાં પાપ તેમનું દેશે ખોલી ?
બતાવશે ખોળી—ને નહિ કે ખોલી ?

H.— અપાવશે ખુદરતજ યારી દિલજાન,
વલણ છે તેની બસ ન્યારી દિલજાન,
નેકીજ છે તેને ત્યાં પ્યારી દિલજાન;
ચાહશે તે જશ તણે જારી દિલજાન;

નાર ભલી નિરદોષો હારી દિલજાન,
ખલકમાં થઇ તેમની ખ્વારી દિલજાન;

કોમને છે જખમ આ કારી દિલજાન,
ન કોમ કદી ભુલસે આ નારી દિલજાન

(૧૫)

"ધન ધન રે સતી નાર."

આસાવરી—ખ્યાલ.

("ઉભી બની રે જદુંકારી"—અથવા—
"ગંમ કરે રે નરનારી"—રાહ)

બની બની રે [illegible], થયો થયો ખિતમ ખારી !—ટેક.
શું નર કે શું નારી [illegible], કરે અરે અફસોસ !
કુલ [illegible] બોલ—ઉઠાડી રોવ-કરે ભારી. ૧
[illegible] "[illegible]" ચાહે, બની રહ્યું તું મો'ત;
[illegible] રોત-ખબર જો હોત-ગુનમગારી. ૨

લોક કરે કંઈ શોક તમારો, પતિવ્રતા એ નાર!
સહુ બાથ બિડી બદકાર–તજી સંસાર–ગયાં હારી. ૩

ભયભિત કેવો હવે દિશે છે, ટાવર રાજાબાઈ!
શું માત–પિતા કબાઇ–બ્હેન ધબરાઇ–જોય જારી. ૪

તકસિર શી થઈ નાગે ફેરી, સરજત એવી હોય,
કકળે લોકો સૌ કોય દયાથી રોય–નર––નારી. ૫

અઢારસેં એકાણું સાલે- એપ્રીલની પચ્ચીશ:
ઓ દુઃખિયારા બદ દીશા પડાવી ચીશ–માહાકારી! ૬

બચુબાઇની બલિહારી છે, ધન ધન પિરોજબાઇ;
નિજ સતપર સદકે થાઈ–લાજ સચવાઈ–ખમી ખ્વારી. ૭

નામ અમર તમ બે નારોનું, રેહશે ભા ગુલજાર;
ખરિ વફાદાર મ્હોરદાર–ભલા ભરથાર–ગયાં વારી. ૮

લોક પ્રજા સહુ શોક કરેછે, દિલમાં નિજ "દિલજાન"
ધન મહિલાઓ સત મ્હાન–હરી આ દાન–પ્રોયા પ્યારી. ૯

(૧૬)

"સતી સિતા થઈ સાધવી, સદકે દઈ દિલજાન."

કલ્યાણ—ગરબી

("કુદરત રહમતકા હય યા રબ તૂં ઇસરાર"—રાહ)

હરહર નર નર ઘર ઘર શા કાજે ગમખાર?
દર ઠર હોહાકાર, ભરભર ભયભિત સાર;
ધનરે ધનરે ધનરે નાર! સતનો દેખાડયો ચીતાર—હરહર. ૧
લજ્જા જાવા લાગી જયાર, મુંજીપર નાખ્યો ફિટકાર;--હરહર. ૨
પટકી જીવ તજિયો સંસાર, સોભાવ્યો નિજનો સણગાર–હરહર. ૩
દામનપર ધરતાં નિજ પ્યાર, મેલ્યા બાજુ ફુલ વિચાર–હરહર. ૪
થઇ "દિલજાન" ખલકમાં ખ્વાર, વોહવારે નીતિ તુજ નાર--હર ૫

(દોહરો.)

આલમમાં રહિ આબરૂ, મુલ્કે પામી માન;
અવનીમાં અંમર થઈ, દામનથી "દિલજાન"

(૧૭)

"વફાપર જફા"

ગજલ—ભેરવી.

("ઈશ્કામે તેરે કોહે ગંમ, સરપે લીયા જો હો સો હો"—રાહ.)

આફત એ શું! શું એ જુલમ? આફતે જાન, ખોદા-ખોદા!
બેટી બે મુંઈ—ભલી બહમ, તજી જેહાંન, ખોદા—ખોદા ૧

બાહરે નારી! ખરી વફા, વફા થકી ખમી જફા;
સુખોથી કુલ, થઇ સફા, બની હેરાંન ખોદા—ખોદા ૨
બલચાઇ ન જાય, જેવા ટાવર, આવે ન તમ, અરે આખર;
રેહશે ન ત્યાં, બુરા બદતર, મુંજી શયતાંન, ખોદા—ખોદા. ૩
ગયેઆ તમે—તજી જીગર, માનશું અમો, એવું—મગર;
જીવોછ તમે, જગે અમર, થકી દામાન, ખોદા—ખોદા. ૪
રવડી નકી, મરજે મુંજી, અપટ એ શું, અકલ સુજી ?
દામનની નહિં, કદર બુજી, ખવિશ હેવાંન! ખોદા—ખોદા ૫
જગે તાહરૂં—જલો જીવન, દોજખજ તુજ, થજો કફન!
જોજે તું ફેજ, લાયક તદન, રડી નિદાંન, ખોદા—ખોદા ૬
ભુલશે ન ગમ; દિલે "દિલજાન" તસ્વીરે જોઇ, ચેહરાનિશાન
'અશોગ' ભણી, ચાહેછ તે દાન, બાગે નુરાંન, ખોદા—ખોદા. ૭

(૧૮)

દોહરો.

કીર્તિ રેહશે કોમમાં, હતાં પિરોજા પાક;
બચ્ચું બાઇ ધન ધન તને, સતપર થાયાં ખાક.

જીલા—ગજલ,

(રાહ) "દરિયાએ મહોબતસેં કિનારા નહિં કરતે."

ભુલશે ન યાદ કોમ આ ગમખાર તમારી;
સત પર કરી કુલ જીંદગી બલદાર તમારી. ૧
જગમાં લઇ આ જન્મ તમે તે કર્યો સફલ;
અફસોસ! કે થઇ મો'ત મલી હાર તમારી. ૨
ગજબ અજબ થયો અરે સુણો! કુટુંબમાં,
રડતાં કરેછ યાદ કંઇ નર—નાર તમારી. ૩
ન કીસમતે જરાય શું રે જોર ત્યાં કાયો;
નાહક થઇ કુલ જીંદગી ખુવાર તમારી. ૪
કુટુંબની ન કોમ કુલ તણી તમે હતી;
મેટી, શી દશા થાઇ શીતમગાર તમારી. ૫
મ્હાતમમાં પડી માત, તાત, બાઇ, બ્હેન. સો;
કકલી કરેછ યાદમાં પોકાર તમારી! ૬
ખુશ—ખુશાલ ઘેરથી તમે ગયાં અરે,
ન સાંભળી ફરી જરા [illegible] તમારી. ૭
ભુલાય કેમ માત—[illegible] કહો અમન;
કુલ કોમબિ નાખેલ [illegible] તમારી.
'દિલજાન' [illegible] તણુંગથી;
[illegible] તમારી.

(૧૯)

ટાવરવાળો ગજબ—(આફતની આરસી)

ઇંગ્રેજી રાહ—"મર્ફર માયો બેહનો માહરી."

લોકમત— આફત વરશી શી આ આજે, ગજબ થયો ગભી
લાશ પડી બે ટાવર પરથી, જડિયાં મુવાં શરીર

પોલીસ— ખમો તમે સૌ બકબક છોડો, આફત કે આપઘાત
હોય કદાચિત અકસમાતથી, બનવાજોગી વાત

(કોરસ)

પારસીઓની { ગજબ અજબ બન્યું'ન, છુટેછરે ઝનું'ન
પોળે દીશે બે નારોના, છે બસ થાયા ખુન ! }

માય-બાનુ-આયા વણુ નહિં આગળ વધતી, ડગલું કદી બહાર,
એ દિકરીઓ મો'તે ઘેરી, ગઈ છોડી ઘરબાર !—?

મી. ગોદરેજ-બચુ ! બચુ ! શું સુજ પડયું એ? નહિં દુઃખ, સંકટ, મર્જ.
ઉધાર રુપિયો પાછો આપી, ગઈ ફિટાડી કર્જ—કે

ખંશીઓ— નીતિવંતા, હતાં નિરોગી, નહિં કંઇ આફત-દુઃખ,
સઘળી રીતે અરે હતું રે, બંન્નેને ત્યાં સૂખ;

ડા. નાદરશાહ- ખરી નખરિયાં તણી નિશાંનો, ખુલ્લી ભાગ અમૂક,
આપઘાત કે અકસમાત નહિં, આફત છેજ અચુ

ડા. દીવેચા—મળનો છું હું નાદરશાહને થયો ખરો જુલમા
દામન કાજે જીવ દિધો નિજ, એજ ખરી બસ વા

મી. ફારબસ-ત્રણ વાગે મેં ટાવર જોવા, જોઈ જતી એ ના
હસ્તી રમતી સહુને ગમતી, જવાન જોબનદાર.—

ડા૦ રમીપ-નથી નખરિયાં તણી નિશાંનો, નથી કશો જુલમાત.
પ્રાણ તજયો નિજ પટકાપાથી, એજ ખરી છે વાત;

ડા૦ ભરૂચા
તથા ભાજીવાલા } નાદરશાહ ને દીવેચાએ, જે જે કર્યો તપાસ,
મળતા છીએ તે મત સાથે, ભાર મુકીને ખાસ—કો

મી. બુરર્ઝન-આપઘાત કે અકસમાતછે, નહિં કંઇ બિજો બનાવ,
તાણી તોડીને કીધો આ, છે ઉભો ત્યાં દાવ;

મી. કરેમી—ખરી નેમ લઈ ન્યાય તણી હું હાજર છું નિતરોજ,
ખલક કરે છે ખુલી એમાં પોલિસ દઈ નિજ ઓજ—કો

કારોનર— બૂર્ડન સાહેબ મુંગા બેસો, નહિંતો પેરે જાવો,
સત્તા મારી સમજુ છું હું, [illegible] ના [illegible];

મમણામદાસ—એજ વદયો ત્યાં અસલાજી તે 'લાહોરકાં ચાલ્યા' બોલ,
બાઇ ફરી એ જોવા લાગી, કરી ખુબીનું તોલ—કો૦

શ્રી નવાજબાઈ—દિઠો નજરથી એજ પારસી, ધરતાં નારી પૂઠ,
ડગલો છુટટો કરે * પાઘડી, સ્લીપર, પણ નહિ'બુટ;

ચીનો મામો—'આવો પાર્સિ છોકરા છે ત્યાં,' બોલી ગોરી બાઇ,
'મરે! મરેરે!' વડી વદી ત્યાં, પુઠે જોઇ કશાઇ—કો૦

ચીનો કાકો—બાઈ બિચારાં ફસી પડેલાં, કપડાં હાલહવાલ,
દીઠો નજરે એક પારસી, લેતાં પાછળ ચાલ

અસલાજી—પાક 'મનશની'થી હું બોલું, છું એમાં નિરદોષ,
કૂર થઇ છે કોમ માહારી, નાહક દેછે દોષ!—કો૦

સ્ત ગોફતાર—સમજો શાણા અરે પારસી, રહો જરા ગંભીર,
એજ તમારૂં તેજ વધારી, ગણસે ખરા અમીર;

સરે હિન્દ—પીડા છે મુંબઇની પોલીસ. ગરદન મારો કોઈ,
હિમ્મત ગઈ છે હારી કુલ નિજ, હાથે ચિત્તલ પોઇ—કો૦

મે જમશેદ—ફંડ ભરો કંઈ હમદિન મારા, અચળ કરાવો યાદ,
પાક બચાવા દામન નારો, જીવથી થઇ બરબાદ;

ઝબાન—બહૂ બતાવ્યું અમે અગતનું 'બંડળ' જયારે એમ,
છપ્પન કલાકે જઇ શોધ્યું! તો તે મળશે કેમ?—કો૦

—તુર્તજ કીધો અસલાજીએ પાપતણો એકરાર,
બે ખોજાઓ સાથે જેણે લડતાં દીઠી નાર!

કામો—પડી પારસી મજો ઉપરજો, આફત એવી આજ,
કાલ ઉઠીને જાસે અમની, બેટીઓની લાજ—કો૦

એકડારભટ—બનાવટો કુલ થઇ છે એ સૌ, કરૂંચ હું ઇન્કાર,
મીસ્ટર એંટીને મેં જોયા, નથી કદી તે ઠાર!

કોરોનર—મહરબો જોજો હવે જુરીનાં, અદલ કરી ઈન્સાફ,
ભયંકાર આ ભેદ ખોલવા, તમે કરો દરિયાફ—કો૦

જુરી—શખ્સ અગરતો શખ્સો છુપા, અસલાજીની સાથ,
અજાણુતા ને જાણીતા છે, ખુંની સઘળા હાથ;

મજમત—ધન કોરોનરા ધન ધન જુરી! નિરમળ કીધો ન્યાય,
છટકામાં સપડાયો બંદો, કુદરત હાથે આય!—કો૦

---

* હેટ—હાથે.

જામશી ટીકાકાર—અંતઃકરણથી અકાબરોને, કરીયે અમે અપીલ,
હવે ચાપતા ઉપાય લેવા, જરા ન કરવી ઢીલ;
માસિક મજાહ—ખુબી હતી ખાનદાન તણી સત સ્ત્રી કેરો સણગાર,
માસિક 'પ્રાઈઝ' કાઢી હરદમ, રાખીશું યાદગાર—કો
મુંબઇ સમાચાર—હેરિસની હિમતપર સઘલો હવે રહ્યો આધાર,
ફરજ વિચારી સરકારે નિજ, પડવું અંતે બ્હાર,
"દિલજાન"—વટે ખરેખર "ગેઝેટ"ને, "ટાઇમ્સ"ને તો ચાંન !
ઉઠો પારસી હવે આપનાં બ્હેનીને તમ માન—કો
" અરે ખરેખર 'બોલે નહિ. પણ બોળે અંતે પાંપ,
માર મરાવે મૂગો તું તો, આ ઇન્સાફી બાપ !
" એજ ઉમેદો હવે ધરે છે. પ્રજા કરી પોકાર,
ખાર મુંજી 'દિલજાન' છુપા તે, છે જેનાં આ કાર*—કો

સમાપ્ત.